## સીમ્સમાં તકનીકી ખાસિયત

- સ્ટાર્ઝ એચડી લેપ્રોસ્કોપિ અને યુરોલોજી ઇન્સ્ટ્રુમેન્ટ (સાધન)
- ઓપરેશન થિયેટરમાં એલઇડી લાઇટ
- ઓછામાં ઓછા રક્ત વ્યય અને પેશીઓને ઓછામાં ઓછું નુકસાન થાય તે માટેની અદ્યતન લેપ્રોસ્કોપીક સર્જરી માટેની ખાસ ચોથી જનરેશનની લયબધ્ધ અને પેશી સાધવાની પધ્ધતિ
- ઓડિટોરીયમમાં ઓપરેશનોના સીધા પ્રસારણ માટે ઓપરેશન થિયેટરમાં ખાસ કેમેરા
- જરૂરિયાત પ્રમાણે લેઝરની ઉપલબ્ધિ
- પેટની ઇમરજન્સી જેવી કે અચાનક પેટમાં દુ:ખવું, સોજો આવવો, લોહી નીકળવું કે ઇજા થવી વગેરે માટે તુરંત અનુભવી સર્જનની હાજરી
- અનુભવી નર્સિંગ સ્ટાફ, મેડિકલ ઓફિસર અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર, જોખમો અને મોટા ઓપરેશન માટે અદ્યતન આઇસીયુની ઉપલબ્ધિ
- સારા સર્જીકલ (ઓપરેશનો માટેના ખાસ) આઇસીયુની વિશ્વસનીય સગવડ







## ઇમરજન્સીમાં હોસ્પિટલ ઝડપી પહોંચવા માટે એમ્બ્યુલન્સના નંબર

**+૯૧–૯૮૨૪૪ ૫૦૦૦૦**

**+૯૧–૯૭૨૩૪ ૫૦૦૦૦**




### ડૉ. રૂપેશ શાહ

એમએસ, ડીએનબી (યુરોલોજી), ફેલોશિપ ઇન યુરો-ઓન્કોલોજી

કન્સલટન્ટ યુરોલોજિસ્ટ અને યુરો-ઓન્કોલોજિસ્ટ

મોબાઇલ : +૯૧-૯૦૯૯૮ ૩૮૭૭૭

ઇમેલ : rupesh.shah@cims.org





CIMS®
CARE INSTITUTE OF MEDICAL SCIENCES
Earning Trust with World-Class Practices

Joint Commission International | NABH | NABL Certificate No. MC-3049

### CIMS Hospital

Regd Office: Plot No.67/1, Opp. Panchamrut Bunglows,
Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad - 380060.
Ph. : +91-79-2771 2771-75 Fax: +91-79-2771 2770

**For appointment call : +91-79-2772 1008**
**Mobile : +91-98250 66661 or email on opd.rec@cimshospital.org**

**24 X 7 MEDICAL HELPLINE +91 70 69 00 00 00**

**"CIMS Hospital" (India) application available**

ANDROID APP ON Google play | Download on the App Store

CIMS Hospital Pvt. Ltd. | CIN : U85110GJ2001PTC039962 | info@cims.org | www.cims.org

**Ambulance & Emergency : +91-98244 50000, 97234 50000**

# સીમ્સ યુરોલોજી



CIMS®
CARE INSTITUTE OF MEDICAL SCIENCES
Earning Trust with World-Class Practices

Joint Commission International | NABH | NABL Certificate No. MC-3049

યુરોલોજી એટલે કે મેડિકલની તે શાખા જે સ્ત્રી અને પુરૂષના યુરીનરી ટ્રેક (મૂત્ર માર્ગ)ને લગતી બીમારીઓનું નિદાન અને સારવાર તેમજ, પુરૂષ પ્રજનન તંત્રના અભ્યાસ સાથે સંકળાયેલ હોય છે.

આમાં સમાવેશ થાય છે બંને જાતિઓની કિડની, એડ્રેનલ ગ્લેન્ડ (અધિવૃદય ગ્રંથી), યુરેટર (મૂત્ર નળી), યુરીનરી બ્લેડર (મૂત્રાશય) અને યુરેથ્રા (મૂત્ર માર્ગ), તેમજ પુરૂષોમાં પ્રોસ્ટેટ અને તેમના સેક્સ અંગોને લગતા રોગો.

આ મેડિકલ શાખા હેઠળ, મૂત્ર માર્ગમાં થતા ચેપ, મૂત્ર માર્ગમાં થતી પથરીની તકલીફ, પ્રોસ્ટેટને લગતી તકલીફો, મૂત્ર માર્ગને લગતા કેન્સર, અનિયંત્રિત યુરીન નિકાલ, ઇરેક્ટાઇલ ડિસફંક્શન (શિશ્નના ઉત્થાનને લગતી તકલીફ) તેમજ પુરૂષ વંધ્યત્વની સારવાર કરવામાં આવે છે.




## સીમ્સ હોસ્પિટલમાં યુરોલોજી

સીમ્સ પાસે યુરોલોજીને લગતી તકલીફો માટે દરેક પ્રકારની સારવાર પ્રક્રિયાઓ માટેનું ખાસ ડિપાર્ટમેન્ટ છે, જે આ પ્રક્રિયાઓ કરવા માટેની પુરતી કુશળતા અને સુવિધાઓ ધરાવે છે. જેથી આ તકલીફોની સારવાર માટે જ્યારે જરૂર જણાય ત્યારે લેપ્રોસ્કોપિક કે કી-હોલ સર્જરી (નાના છિદ્રો દ્વારા કરાતું ઓપરેશન) કરાવી શક્ય છે. સીમ્સના યુરોલોજિસ્ટ ઓપરેશન માટે શક્ય હોય ત્યાં સુધી મિનિમલી ઇન્વેઝિવ સર્જરી ટેકનિકનો જ ઉપયોગ કરે છે, જેથી દર્દીને અનેક ફાયદાઓ થાય છે જેમ કે હોસ્પિટલમાં ટૂંકું રોકાણ, ઓપરેશન પછી થતી અગવડતામાં નોંધપાત્ર ઘટાડો, ઓપરેશન દરમ્યાન નહિવત જેવો રક્તસ્ત્રાવ, તબિયતમાં ઝડપી સુધાર તેમજ કામ અને રોજિંદા જીવનમાં જલ્દીથી પાછું વળવું.

આમાં સમાવેશ થાય છે કિડનીના રોગોની સારવાર માટેની મિનિમલી ઇન્વેઝિવ સર્જરીનો અને યુરિનરી ટ્રેક (મૂત્ર માર્ગ)ના ઉપરના ભાગમાં થતાં રોગોના નિદાન અને સારવાર માટેની એન્ડોસ્કોપિક પ્રક્રિયાઓનો સીમ્સમાં યુરોલોજિસ્ટ, અત્યંત જોખમ ધરાવતા હૃદયરોગના દર્દીઓમાં પણ પથરી અને પ્રોસ્ટેટ સર્જરી કરવા સમર્પિત છે.

અમારી હોસ્પિટલની સર્જનોની ટીમ, યુરોલોજીમાં ખાસ વિશેષતા ધરાવતી નર્સો અને અન્ય સપોર્ટ સ્ટાફ ખૂબ ઊંચા દરજ્જાની દર્દીની સંભાળ લેવા માટે બધ્ધ છે અને તેમની ઊંચી કાર્ય કુશળતાથી યુરોલોજિકલ તકલીફો અને રોગોની ખૂબ સરળતાથી સારવાર શક્ય છે.







## સીમ્સમાં યુરોલોજી સેવાઓ:

### બ્લેડર (મૂત્રાશય)

- બ્લેડર (મૂત્રાશય)નું કેન્સર
- મૂત્ર ઇન્કોન્ટીનેન્સ (પેશાબ પર નિયંત્રણ ગુમાવવો)
- ઇન્ટરસ્ટીશિયલ સિસ્ટાઇટીસ એન્ડ પેલ્વિક પેઇન (મૂત્રાશયમાં સોજો આવવાના કારણે પેડુ માં અસહ્ય દુ:ખાવો)
- ન્યૂરોજેનિક બ્લેડર (ન્યુરોલોજિકલ સિસ્ટમને નુકસાન થવાથી મૂત્રાશયની તકલીફ)
- બ્લેડર સ્ટોન (મૂત્રાશયમાં પથરી)

### કિડની અને એડ્રેનલ

- પથરી
- પિયુજે (PUJ) ઓબ્સ્ટ્રક્શન (કિડનીનો નીચલો ભાગ અને મૂત્રનળી જ્યાં જોડતા હોય ત્યાં કોઇ પ્રકારનો અવરોધ હોવો)
- ઇન્ફેક્શન (ચેપ)
- કિડનીનું કેન્સર
- એડ્રેનલ ગ્લેંડ (અધિવૃદય ગ્રંથિ)

### પ્રોસ્ટેટ

- બિનાઇન પ્રોસ્ટેટિક હાઇપરપ્લાઝિયા (BPH) (પ્રોસ્ટેટ ગ્લેંડનું વિસ્તરણ)
- પ્રોસ્ટેટ ગ્લેંડનું કેન્સર
- પ્રોસ્ટાઇટિસ (પ્રોસ્ટેટ ગ્લેંડમાં સોજો આવવો)

### ફિમેલ યુરોલોજી

- સ્ત્રીના મૂત્રમાર્ગ અને યોનિના ભાગના કાર્ય અને દેખાવને પુન:સ્થાપિત કરવું
- મૂત્રાશયની લાંબા સમયથી બળતરા થવી જેના કારણે પેડુમાં દુ:ખાવો થવો
- મૂત્રાશયના સ્નાયુઓનું અચાનક, અનૈચ્છિક સંકોચન
- પેશાબ પર નિયંત્રણ ગુમાવવો
- પેશાબની નળીઓના ભાગમાં ચેપ લાગવો

### બાળકોમાં યુરોલોજી

- બેડ-વેટિંગ (ઊંઘમાં પથારીમાં જ પેશાબ થઇ જવો)
- હાઇડ્રોસિલ / હર્નિયા (એક અથવા બે બંને વૃષણોની આજુ-બાજુ પીડારહિત પાણી જેવા પ્રવાહીના ફુગાવા બને છે જેના કારણે અંડકોશ અથવા જંઘામૂળ વિસ્તારમાં સોજો આવી જાય છે.
- હાઇપોસ્પાડિયાસ (મૂત્રમાર્ગની જન્મજાત ડિસઓર્ડર જેમાં પેશાબ માટેનું કાણું સામાન્ય સ્થાન પર (શિશ્નના માથા પર) ન હોય પણ શિશ્નના બીજા કોઇ ભાગ પર હોય છે)
- કિડનીના રોગો જેવા કે પિયુજે (PUJ) ઓબ્સ્ટ્રક્શન એન્ડ રિફ્લક્સ (કિડનીનો નીચનો ભાગ અને મૂત્ર નળી જ્યાં જોડતા હોય ત્યાં કોઇ પ્રકારનો અવરોધ હોવો અને મૂત્રાશયમાંથી કિડનીમાં પેશાબનો ઊંધો પ્રવાહ જવો)
- અંડિસેંડેડ ટેસ્ટીકલ્સ (એ સ્થિતિ જેમાં બાળકના વૃષણ તેની યોગ્ય સ્થિતિ (તેના શિશ્નની નીચે લટકતી ચામડીની થેલીમાં) પોતાની મેળે નથી જતા)

### મેલ યુરોલોજી

- હાઇડ્રોસિલ/સ્પર્મેટોસીલ (એક અથવા બે બંને વૃષણોની આજુ-બાજુ પીડારહિત પાણી જેવા પ્રવાહીના ફુગાવા/દરેક અંડકોશની ઉપરની બાજુમાં અને નીચે રહેલ લાંબી, ચુસ્ત નળીમાં પ્રવાહીથી ભરેલો પીડારહિત ફુગાવો)
- હાઇપોસ્પાડિયાસ મૂત્રમાર્ગની જન્મજાત ડિસઓર્ડર જેમાં પેશાબ માટેનું કાણું સામાન્ય સ્થાન પર (શિશ્નના માથા પર) ન હોય પણ શિશ્નના બીજા કોઇ ભાગ પર હોય છે)
- યુરીનરી ઇન્કોન્ટીનેન્સ (પેશાબ પર નિયંત્રણ ગુમાવવો)
- ઇન્ફેક્શન (ચેપ)
- પેનાઇલ કેન્સર (શિશ્નની ચામડી કે તેની અંદર થતું કેન્સર)
- પેનાઇલ કરવેચર (ઉત્થાન દરમિયાન શિશ્નમાં આવતો અસામાન્ય વળાંક)
- ટેસ્ટીક્યુલર ટોરઝન (સ્પર્મેટિક કોર્ડની વળી જવું જે કારણસર ટેસ્ટીકલ્સ (વૃષણને)જરૂરી લોહી ના મળવું)
- અંડિસેંડેડ ટેસ્ટીકલ્સ (એ સ્થિતિ જેમાં બાળકના વૃષણ તેની યોગ્ય સ્થિતિ (તેના શિશ્નની નીચે લટકતી ચામડીની થેલીમાં) પોતાની મેળે નથી જતાં)
- યુરેથ્રલ સ્ટ્રીકચર (કઇ વાગવા કે કોઇ ઓપરેશનના કારણે કે કોઇ ચેપ લાગવાથી, વગેરેથી મૂત્રમાર્ગ સાંકડો થઇ જવો).

### પુરૂષ રિપ્રોડક્શન (પ્રજનન)

- ઇન્ફર્ટિલિટી (વંધ્યત્વ)
- વેરિકોસીલ (અંડકોષની અંદરની મોટી નસ ફૂલી જવી)
- નસબંધી અને નસબંધીને પછી ખોલવી

### સેક્સૂઅલ ડીસફંક્શન (જાતીય તકલીફ)

- ઇમ્પોટેન્સી (નપૂસંકતા)
- પ્રીમેચ્યોર ઇજેક્યુલેશન (અકાળ નિક્ષેપ)
- પેયરોનિસ ડીસીઝ (એક પ્રકારનું ઇરેક્ટાઇલ ડિસફંક્શન એટલે કે શિશ્નના ઉત્થાનને લગતી તકલીફ)